### ૧૧૨ ઉપર કોલ બાદ સંખેડા પોલીસ દોડી આવી, પોલીસ બંદોબસ્તમાં માપણી કરાઈ

## રતનપુર(ક)ના ગોચરમાં રેતી ખનનનો આક્ષેપ, માપણી વખતે સરપંચનો હોબાળો

**માપણી** રિપોર્ટના આધારે ખાણ ખનીજ વિભાગ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરાશે



(પ્રતિનિધિ) સંખેડા, તા.13

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના રતનપુર(ક) ગામે સરકારી ગોચરની જમીનમાં મોટાપાયે ગેરકાયદે રેતી ખનનનો ગંભીર મામલો સામે આવ્યો છે. ગામના જાગૃત નાગરિકોએ આ ખનન માટે ગામના સરપંચ મોતીભાઈ રોહિત પર સીધો આક્ષેપ લગાવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ગામના પ્રશાંત ચંદુભાઈ બારીયા દ્વારા સરકારી ગોચરમાં છેલ્લા ઘણા સમયથી બે નંબરમાં મોટાપાયે રેતીનું ખનન થતું હોવાની લેખિત ફરિયાદ ખાણ ખનીજ વિભાગમાં કરવામાં આવી હતી. સાથે જ ખનન થયેલ જગ્યાની સ્થળ માપણી કરવા માંગણી કરાઈ હતી. ફરિયાદના આધારે આજે ખાણ ખનીજ વિભાગના ઉચ્ચ અધિકારી અને રોયલ્ટી ઈન્સ્પેક્ટરની ટીમ રતનપુર(ક) ગામે ગોચરની ખનનગ્રસ્ત જગ્યાની માપણી માટે પહોંચી હતી. ગામના લોકોના જણાવ્યા મુજબ, અધિકારીઓ સ્થળ પર પહોંચતા જ કેટલાક લોકોએ કહ્યું કે "સરપંચને જાણ કરો." અધિકારીઓએ સરપંચને જાણ કરતા જ સરપંચ મોતીભાઈ રોહિત પોતાના માણસો સાથે તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને "અહીં માપણી નથી કરવાની" એમ કહી અધિકારીઓને અને ફરિયાદી ગ્રામજનોને રોકવાનો પ્રયાસ કર્યો હતો.

આને લઈને સ્થળ પર ભારે બોલાચાલી થઈ હતી અને વાતાવરણ એકદમ તંગ અને ઉગ્ર બની ગયું હતું. પરિસ્થિતિ વણસી જતા અને મામલો વધુ બિચકે તે પહેલા ગ્રામજનો દ્વારા તાત્કાલિક 112 હેલ્પલાઈન પર કોલ કરી પોલીસને જાણ કરવામાં આવી હતી. સંખેડા પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને બંને પક્ષને સમજાવી મામલો થાળે પાડ્યો હતો.

### રજનીબેનને ૧,૧૦૮, કોંગ્રેસને ૩૫૬ અને આપને ૩૨૬ મત મળ્યા

## છોટાઉદેપુર નગરપાલિકાના વોર્ડ નં. ૪ની પેટાચૂંટણીમાં ભાજપનો વિજય

**ભાજપનાં** રજનીબેન રાઠવા ૭૫૨ મતની જંગી લીડથી વિજેતા



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.13

છોટાઉદેપુર નગરપાલિકાના વોર્ડ નંબર ૪ની પેટાચૂંટણીનું પરિણામ જાહેર થઈ ચૂક્યું છે. આજે યોજાયેલી મતગણતરીના અંતે ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય વિજય મેળવીને પોતાની સીટ જાળવી રાખી છે.

છોટાઉદેપુર વોર્ડ નંબર ૪ની પેટાચૂંટણીની આજે સવારે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. શરૂઆતથી જ ભાજપના ઉમેદવારે સરસાઈ જાળવી રાખી હતી અને અંતે મોટા માર્જિનથી ભવ્ય જીત નોંધાવી છે. ભાજપના વિજેતા ઉમેદવાર રજનીબેન રાઠવાને ૧,૧૦૮ મત મળ્યા છે. તેમણે પોતાના નજીકના હરીફને ૭૫૨ મતની જંગી લીડથી પરાસ્ત કર્યા છે.

બીજી તરફ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે બીજા નંબર માટે ત્રિપાંખીયા જંગ જેવી સ્થિતિ જોવા મળી હતી, પરંતુ ભાજપના ઉમેદવારે બંને પક્ષોને ભારે માત આપી છે. યોજાયેલ ચૂંટણીમાં ભાજપ રજનીબેન રાઠવાને ૧,૧૦૮ મત મળ્યા અને ૭૫૨ મતની લીડથી વીજેતા થયા. કોંગ્રેસ મળ્યા ૩૫૬ મત આમ આદમી પાર્ટી કૈલાશબેન રાઠવાને ૩૨૬ મત મળ્યા જ્યારે નોટામાં (NOTA): ૩૬ મત પડ્યા હતા.

ચૂંટણી પરિણામ જાહેર થતાં જ ભાજપના છાવણીમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. પરિણામ બાદ કાર્યકરો દ્વારા ફટાકડા ફોડી અને ગુલાલની ઉછામણી કરીને ભવ્ય વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો. છોટાઉદેપુરના સ્થાનિક રાજકારણમાં ભાજપની આ જીતે ફરી એકવાર પાર્ટીનો દબદબો સાબિત કરી દીધો છે.

### અરજદારને સમયમર્યાદામાં જવાબ નહીં આપતાં હાઈકોર્ટની કાર્યવાહી

## ડભોઈ નગરપાલિકાની સફાઈ કામદારોની ભરતીમાં વિવાદ, હાઈકોર્ટની અનાદરની નોટિસ



(પ્રતિનિધિ) ડભોઈ, તા.13

ડભોઈ નગરપાલિકા ના ગત ભાજપ ના બોર્ડ મા સફાઈ કામદારો ની ભરતી કરવામાં આવી જેમાં સરકાર ની ગાઈડ લાઈન ને નેવે મુકી ચિફ ઓફિસરે પોતાના રીતે આંકલન કરી વહીવટ કરી કાયદા નો ડર રાખ્યા વગર જ અરજદાર ને અરજી ના જવાબ નહીં આપવા ના અને કાયદા ને બદલે તાનાશાહી જેવા વહીવટ ની ગંભીર નોંધ લઈ નામદાર ગુજરાત હાઈકોર્ટે દ્વારા અરજદાર ની અરજી ગ્રાહય રાખી કોર્ટ ના અનાદર ના કાર્યવાહી કરાતા નગરમાં ચર્ચા ના એરણે છે.

જાણવા મળ્યાં મુજબ સફાઈ કામદારો ની ભરતી પ્રક્રિયા મા કેટલીક ખામી આંખે ઉડીને વળગે એવી હોવાને લઈ સફાઈ પ્રક્રિયા સામે અરજદાર દ્વારા અવારનવાર માહિતી માંગવામાં આવેલ જેનો જવાબ નગરપાલિકા ના ચિફ ઓફિસર દ્વારા આપવામાં ના આવતા હાઈકોર્ટ અરજી કરવામાં આવેલ જેને લઈ નામદાર હાઈકોર્ટ દ્વારા અરજદાર ને પ્રશ્નો ના હા કે ના મા સમય મર્યાદા મા આપવા ની સુચના બાદ પણ નગરપાલિકા ના ચિફ ઓફિસર દ્વારા સમય મર્યાદા મા જવાબ ના આપતા નામદાર હાઈકોર્ટે કોર્ટ ના અનાદર ની નોટિસ પાઠવતા નગરપાલિકા મા સોપો પડી ગયો છે. સફાઈ કામદાર મા ભરતી થયેલા કર્મચારીઓ મા પણ અસમંજસ ની સ્થિતિ સર્જાઈ છે ડભોઈ નગરપાલિકા ની સફાઈ કર્મચારીઓ ની ભરતી પ્રક્રિયા મા હાજર ચિફ ઓફિસર અને ત્યાર બાદ વહીવટ કરનાર ચિફ ઓફિસર કાયદા ની આંટીઘુટી મા જોવા મળશે.

## ગણતરીના કલાકોમાં ગુમ થયેલા કિશોરીને શોધી કાઢતી શિનોર પોલીસ

**સુરાશામળની** ગુમ થયેલી 15 વર્ષીય કિશોરીને ગણતરીના કલાકોમાં શોધી પરિવારને સોંપી

(પ્રતિનિધિ) શિનોર, તા. 13

વડોદરા જિલ્લાના શિનોર પોલીસ સ્ટેશનનીશી ટીમે 'ઓપરેશન પરાક્રમ' અંતર્ગત ગણતરીના કલાકોમાં ગુમ થયેલા કિશોરીને શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરી છે. પોલીસની આ કામગીરીથી પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, શિનોર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા સુરાશામળ ગામમાં રહેતા જગદીશભાઈ રમેશભાઈ બામણિયા દ્વારા ડાયલ 112 નંબર ઉપર જાણ કરવામાં આવી હતી કે તેમના દીકરીઉંમર વર્ષ 15, રહે. સુરાશામળ, તા. શિનોર, જિ. વડોદરા, ઘરેથી ગુમ થઈ ગયા છે. પરિવારજનોએ આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતાં કિશોરીનો પત્તો લાગ્યો નહોતો. આ અંગેની જાણ થતાં શિનોર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.આર. વસાવાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. પોલીસ કર્મચારીઓએ કિશોરને શોધવા માટે પ્રયાસો શરૂ કર્યા હતા. દરમિયાન, પોલીસની ટીમે ગણતરીના કલાકોમાં જ ગુમ થયેલા કિશોરીને શોધી કાઢ્યો હતો. ત્યારબાદ કિશોરીને પોલીસ સ્ટેશન ખાતે લાવી જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.

### બહાદરપુરના બજાર અને ગલીઓમાં શ્વાનો માટે રાહત કાર્ય

## સંખેડા પશુ ચિકિત્સક ટીમ અને એનિમલ રેસ્ક્યુ ટીમે ૬ થી ૭ શ્વાનોની કરી સારવાર

(પ્રતિનિધિ) સંખેડા, તા.13

સંખેડા તાલુકાના બહાદરપુર ગામમાં છેલ્લા કેટલાક સમયથી શેરીના શ્વાનોમાં રોગચાળો ફેલાયો હોવાની ફરિયાદ બાદ તંત્ર તાત્કાલિક એક્શન મોડમાં આવ્યું હતું.

બહાદરપુરના મુખ્ય બજાર અને વિવિધ ગલીઓમાં રખડતા બીમાર શ્વાનોને પકડીને તેમની આરોગ્ય તપાસ અને સારવાર હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી માટે સંખેડાથી પશુ ચિકિત્સક ડૉ. ચાવડા સાહેબ, જગદીશભાઈ તથા આરોગ્ય વિભાગના મહિલા અધિકારીશ્રી સહિતની ટીમ બહાદરપુર ખાતે પહોંચી હતી. આ ઉપરાંત સ્થાનિક 'એનિમલ



રેસ્ક્યુ ટીમ' બહાદરપુરના સચિન પંડિત અને તેમની ટીમે પણ આ રાહત કાર્યમાં જોડાઈને પ્રશંસનીય કામગીરી કરી હતી.

બજાર અને ગલીઓમાંથી 6 થી 7 જેટલા બીમાર શ્વાનોને પકડીને સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી. નબળાઈ ધરાવતા શ્વાનોને ગ્લુકોઝની બોટલ (સલાઈન) ચડાવવામાં આવી હતી.- ખરજવા અને અન્ય ચેપી ઈન્ફેક્શનથી પીડાતા શ્વાનોને જરૂરી ઈન્જેક્શન અને દવાઓ આપવામાં આવી હતી.

ડૉક્ટરની ટીમે જણાવ્યું હતું કે, હાલ શ્વાનોમાં પાચનક્રિયા નબળી પડવાની અને ચામડીના ખરજવાના ઈન્ફેક્શનની સમસ્યા વધુ જોવા મળી રહી છે. આ ચેપ એક શ્વાનમાંથી બીજા શ્વાનમાં ઝડપથી ફેલાય છે. બિસ્કિટ, મીઠી વસ્તુઓ, દૂધ અને રોટલી જેવો પચવામાં ભારે ખોરાક આપવાનું ટાળવું. શેરીના શ્વાનોને પચવામાં હળવો ખોરાક જેવો કે ખીચડી અને દહીં આપવું હિતાવહ છે.

## બોડેલીની સાધના નગર સોસાયટીમાં ગટર ઉભરાવાની સમસ્યા ઉગ્ર બની

**અલીપુરાની** સાધના નગર સોસાયટીમાં ગટર ઉભરાતાં રહીશો પરેશાન

(પ્રતિનિધિ) બોડેલી, તા. 13

બોડેલી તાલુકાના અલીપુરા વિસ્તારમાં આવેલા વોર્ડ નંબર 2ની સાધના નગર સોસાયટીમાં ગટર ઉભરાવાની સમસ્યાને લઈને સ્થાનિક રહીશોની મુશ્કેલીઓનો મુદ્દો સામે આવ્યો છે. રહેણાક વિસ્તારમાં ગટરનું ગંદું પાણી બહાર આવવાની સમસ્યા સર્જાતી હોય તો તેના કારણે આસપાસના રહીશોને અવરજવર, સ્વચ્છતા અને રોજિંદા જીવનમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આવી પરિસ્થિતિમાં ગટર વ્યવસ્થાની યોગ્ય જાળવણી અને સમયસર



સફાઈનું મહત્ત્વ વધી જાય છે.

સાધના નગર સોસાયટી જેવા રહેણાક વિસ્તારમાં ગટર વ્યવસ્થા યોગ્ય રીતે કાર્યરત રહે તે સ્થાનિક સ્વચ્છતા માટે જરૂરી છે. જો ગટર વારંવાર ઉભરાતી હોય અથવા ગંદું પાણી રસ્તા પર ફેલાતું હોય, તો તેનાથી દુર્ગંધ ફેલાવાની સાથે મચ્છરોના ઉપદ્રવ અને અસ્વચ્છ વાતાવરણની સમસ્યા ઊભી થઈ શકે છે. હાલ બોડેલી તાલુકાના કેટલાક વિસ્તારોમાં ડેન્ગ્યુ અને ટાઈફોડના કેશ નોંધાયા છે ત્યારે નગરપાલિકા વિસ્તારમાં આવા ગટર ઉભરાવાના બનાવો બનતા બીમારી ફેલાવવાનો ભય વધી રહ્યો છે.

## ખેલ મહાકુંભની ચેસ સ્પર્ધામાં બોડેલીની ઉર્વી શાહ જિલ્લાકક્ષાએ દ્વિતીય

(પ્રતિનિધિ) બોડેલી, તા. 13

જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભ ૨૦૨૬ અંતર્ગત યોજાયેલી ચેસ સ્પર્ધામાં બોડેલી સ્થિત શેઠ એચ. એચ. શિરોલાવાલા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ પ્રભાવશાળી દેખાવ કરીને સમગ્ર છોટાઉદેપુર જિલ્લાનું નામ રોશન કર્યું છે. ઉત્કૃષ્ટ બૌદ્ધિક કૌશલ્ય દાખવી શાળાના રમતવીરોએ જિલ્લા સ્તરે ડંકો વગાડ્યો છે. મળતી માહિતી મુજબ, જિલ્લા કક્ષાની આ ચેસ સ્પર્ધામાં શેઠ એચ. એચ. શિરોલાવાલા હાઈસ્કૂલની વિદ્યાર્થીની શાહ ઉર્વી અશ્વિનભાઈએ પોતાની તીક્ષ્ણ બુદ્ધિ અને એકાગ્રતાના જોરે સમગ્ર જિલ્લામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. આ શાનદાર સિદ્ધિના બળે ઉર્વીની હવે રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી થઈ છે.

## ડભોઈ નડા હબીપુરા રોડ પર પાનેરી કંપનીના સીસીટીવીમા દીપડો કેદ

**ડભોઈમાં** દીપડાના ઉપરાછાપરી દેખા દેવાના બનાવોથી લોકોમાં ભયનો માહોલ

(પ્રતિનિધિ) ડભોઈ, તા. 13

ડભોઈ મા દિપડો દેખાદીધા ના બનાવો ઉપરાછાપરી બની રહ્યા છે ડભોઈ વાઘોડીયા ના માર્ગ પર ફલોડ ગામે દિપડા એ બે ઈસમો પર હુમલો કરેલ એ સમાચાર ની શાહી સુકાઈ નહોતી ત્યાં ટીંબી ફાટક રેલવે વર્કશોપ ના સીસીટીવી મા દિપડો દેખાદીધો હતો ગત રાત્રી એ દિપડો નડા હબીપુરા રોડ પર પાનેરી કંપની સામે દિપડો રોડ ક્રોસ કરતાં દેખાયા ના સીસીટીવી ફુટેજ બાદ આ માર્ગ પર લોકો મા ભય ફેલાયો છે કંપની મા



કામ કરતાં કર્મચારીઓ અને રાત્રે ખેતરે જતાં ધરતીપુત્રો મા ભય ફેલાયો છે ડભોઈ વન વિભાગ વહેલી તકે દિપડા ને પાંજરે પુરે એ સમય ની માંગ છે ડભોઈ ના નડા હબીપુરા માર્ગ પર પાનેરી કંપની સામે રોડ ક્રોસ કરતાં દિપડા ને લઈ લોકો મા ભય નો માહોલ જોવા મળી રહ્યો છે તાજેતરમાં જ તેનતલાવ કેનાલ નજીક દિપડા એ ખેતમજૂર પર હુમલો કરેલ જેને લઈ લોકો મા ભય નો માહોલ જોવા મળી રહ્યો છે.

## ઉમરાયામાં રખડતી ગાયે શિંગડું મારતાં ૬૧ વર્ષીય મહિલાનું મોત

(પ્રતિનિધિ) પાદરા, તા. 13

પાદરા તાલુકાના ઉમરાયા ગામની નવી નગરીમાં રહેતાં ૬૧ વર્ષીય મહિલાનું રખડતી ગાયે શિંગડું મારતાં ઈજાગ્રસ્ત થયા બાદ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર, ઉમરાયા ગામની નવી નગરીમાં રહેતાં કોકિલાબેન શનાભાઈ ધુળાભાઈ પઢીયાર (ઉં.વ. ૬૧) ગત તા. ૧૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બપોરે આશરે ૨:૩૦થી ૩:૧૫ વાગ્યાના સમયગાળા દરમિયાન ખેતમજૂરી માટે જાસપુર ગામની સીમમાં જઈ રહ્યાં હતાં. તે દરમિયાન જાસપુર ગામની સીમમાં હાવલીયો વગો તરફ જવાના કેનાલવાળા રસ્તા પર એક રખડતી ગાયે તેમને શિંગડું મારતાં શરીરના ગુપ્ત ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.

## ડભોઈ નગરપાલિકાના વિરોધપક્ષના નેતા તરીકે વિશાલ શાહની નિમણૂક



(પ્રતિનિધિ) ડભોઈ, તા. 13

ડભોઈ નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીના કોર્પોરેટર વિશાલ શાહને વિરોધપક્ષના નેતા તરીકે જવાબદારી સોંપવામાં આવતા ડભોઈ શહેર ભાજપ સંગઠન દ્વારા તેમનું ફૂલહાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું, ઉલ્લેખનીય છે કે ડભોઈ નગરપાલિકામાં હાલમાં કોંગ્રેસનું શાસન છે. ત્યારે નગરપાલિકામાં ભાજપ દ્વારા ચાર મહિના બાદ વિરોધપક્ષના નેતા અને દંડકની નિમણૂક કરવામાં આવી છે. ગત ટર્મમાં કારોબારી ચેરમેન તરીકે જવાબદારી નિભાવી ચૂકેલા વિશાલ શાહને વિરોધપક્ષના નેતા તરીકે, જ્યારે રાજુભાઈ ઠાકોરને દંડક તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. આ પ્રસંગે વિરોધપક્ષના નેતા વિશાલ શાહે જણાવ્યું હતું કે ડભોઈના ધારાસભ્ય શૈલેષભાઈ મહેતાના પ્રયાસોથી નગરના વિકાસ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે.

### આસપાસનાં ગામોના યુવાનો અને બહેનો ઉત્સાહભેર ગરબે રમ્યા

## ડભોઈના નડા ગામમાં ૮૦ વર્ષ જૂની શેરી ગરબાની પરંપરા આજે પણ અકબંધ



(પ્રતિનિધિ) ડભોઈ, તા.13

ડભોઈ તાલુકાના નડા ગામમાં છેલ્લા ૮૦ વર્ષથી ચાલી આવતી શેરી ગરબાની પરંપરા આજે પણ અવિરત જળવાઈ રહી છે. આધુનિક યુગમાં પણ ગામના લોકો પોતાની સંસ્કૃતિ અને પરંપરાને જીવંત રાખી રહ્યા છે, ત્યારે નડા નવરાત્રી મહોત્સવ-૨૦૨૬માં ગામના આગેવાનો દ્વારા પરંપરાગત શેરી ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.

નવરાત્રીના પાવન પર્વ દરમિયાન નડા ગામમાં ભક્તિમય વાતાવરણ વચ્ચે માતા અંબાની આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ નડા ગામ સહિત આસપાસનાં ગામોના યુવાનો અને બહેનોએ ઉત્સાહભેર માતાજીના ગરબા રમી નવરાત્રીની ભક્તિ અને પરંપરાનો અનોખો સંગમ સર્જ્યો હતો.

નડા ગામની આ શેરી ગરબાની પરંપરા માત્ર ધાર્મિક ઉત્સવ પૂરતી સીમિત નથી, પરંતુ ગામની સંસ્કૃતિ, એકતા અને સામૂહિક ભાવનાનું પ્રતીક બની રહી છે. ખાસ કરીને નવી પેઢીના Gen G યુવાનો પણ આ પરંપરાને આગળ ધપાવવામાં સહભાગી બની રહ્યા છે, જે ગામની સાંસ્કૃતિક વિરાસત માટે ગૌરવની બાબત છે.

આ શેરી ગરબાના આયોજનમાં ગામના આગેવાનો ભાવેશ પટેલ, પિન્ટુ પટેલ, વ્રજ પટેલ, લખનભાઈ પટેલ, રઘુવીરસિંહ ચાવડા સહિતના આગેવાનો અને Gen G યુવાનોએ જહેમત ઉઠાવી હતી. ૮૦ વર્ષથી ચાલી આવતી આ પરંપરાને જાળવી રાખીને નડા ગામે ફરી એકવાર ભક્તિ, સંસ્કૃતિ અને એકતાનો સંદેશ આપ્યો છે.

## હરિયાણામાં શાશ્વત હિન્દુ પ્રતિષ્ઠાનની રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) પાદરા, તા. 13

શાશ્વત કાર્ડનું લોકાર્પણ, વિકસિત ભારત 2047ના સંકલ્પ સાથે દેશભરમાંથી 170 જેટલા પ્રતિનિધિઓ જોડાયા. શાશ્વત હિન્દુ પ્રતિષ્ઠાનની રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠક હરિયાણાના સામરખા સ્થિત માધવ સૃષ્ટિના મધુકર ભવન ખાતે તા. 1 ઓક્ટોબરથી 4 ઓક્ટોબર, 2026 દરમિયાન યોજાઈ હતી. આ બેઠકમાં સમગ્ર ભારતવર્ષમાંથી આશરે 170 જેટલા શાશ્વત હિન્દુ પ્રતિષ્ઠાનના પ્રતિનિધિઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ બેઠકમાં શાશ્વત હિન્દુ પ્રતિષ્ઠાનના રાષ્ટ્રીય અધ્યક્ષ અને નિવૃત્ત આઈએએસ અધિકારી એ. કે. શુક્લ, રાષ્ટ્રીય મહામંત્રી સંજય શર્મા તથા રાષ્ટ્રીય સંગઠન મંત્રી પ્રશાંત કોટવાલજી ઉપસ્થિત રહ્યા હતા.

## સાવલીના ભાદરવામાં જુગારધામ પર પોલીસનો દરોડો, ૫ ઝડપાયા

**રૂ. ૭૮,૩૫૦ના** મુદ્દામાલ સાથે પાંચ આરોપીઓ ઝડપાયા, ચાર ફરાર

(પ્રતિનિધિ) સાવલી, તા. 13

સાવલી તાલુકાના ભાદરવા ગામે જુગાર ધામ પર દરોડો પાડી ને 78530 રૂપિયા ના મુદ્દામાલ સાથે 5 ઈસમોને ઝડપી પાડ્યા છે જ્યારે અન્ય 4 ફરાર સહિત કુલ 9 સામે ગુનો નોંધી ફરાર ઈસમોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. સાવલીના ભાદરવા પી આઈ જે એ બારોટ ને બાતમી મળેલ કે ભાદરવા ગામે લાલભાઈ એસ ટી ના મકાનમાં કેટલાક ઈસમો હારજીતનો જુગાર રમી રમાડી રહ્યા છે તેના પગલે પોલીસ ટીમ સાથે બાતમી વાળી જગ્યા એ દરોડો પાડતા દાવ ઉપર લાગેલા 4700 રૂપિયા તેમજ અંગઝડતી માં 18700 રૂપિયા 24 બોક્સ કેટ ( પત્તા) ની 289 નંગ કેટ પત્તા રૂપિયા 14450 અને 4નંગ મોબાઈલ ફોન રૂપિયા 40500 મળી કુલ 78350 નો મુદ્દામાલ કબજે કર્યો છે આ દરોડા ઝડપાયેલા ઈસમો (૧) મંગળભાઈ ઉર્ફે ભુટીયો છતાભાઈ ગામેથી રહે ભાદરવા લીમ્બિયા વગો તાસાવલી(૨) અજીતભાઈ દિપસિંહ રાણા (૩) રાજેન્દ્ર ગણપતસિંહ રાણા (૪) દીપકભાઈ પરેશભાઈ પરમાર (૫) સબાનાબેન પરેશભાઈ પરમાર રહે ભાદરવા બેંક પાછળ ને ઝડપી પાડ્યા છે જ્યારે પોલીસને જોઈને નાસી જનાર (૬) ધવલ ગોસ્વામી (૭) ભૂરી રોહિત (૮) પાટીલ સોલંકી (૯) અનિફ ઉર્ફે બોબી મહિડા રહે ભાદરવા મહિડા વગો તા સાવલી પોલીસને જોઈને ભાગી છૂટવામાં સફળ થયા હતા.

## મુવાલ-પાદરા કોલેજ ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન યોજાયું

(પ્રતિનિધિ) પાદરા, તા. 13

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ કોલેજકાળના સંસ્મરણો તાજા કર્યા ભૂતપૂર્વ વિદ્યાર્થી સમિતિની રચના કરવામાં આવી. યુજીસીની માર્ગદર્શિકા અનુસાર વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યના ઘડતર અને કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે સંકલન મજબૂત કરવાના હેતુથી મુવાલ-પાદરા સ્થિત શ્રી જાનકી વલ્લભ આર્ટ્સ એન્ડ શ્રી મનુભાઈ સી. પટેલ કોમર્સ કોલેજ ખાતે ગઈકાલે ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં મોટી સંખ્યામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**જાહેર નોટીસ** અરજદારના વિ.વ. શ્રી એસ.એ.વણકર

મે. ક્વાંટના પ્રિન્સીપાલ સિવિલ જજ અને જુડિશિયલ મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ. ક્વાંટ, જી. છોટાઉદેપુર

પ. અ. નંબરઃ ૧૫૩/૨૦૨૬ મુ. તા. ૦૬/૧૧/૨૦૨૬

અરજદારઃ રાઠવા હરસિંગભાઈ અંગરીયાભાઈ રહે. રહે. ભાભરીયા ફળિયા, ગડેથા, તા. ક્વાંટ, જી. છોટાઉદેપુર.

સામાવાળાઃ તલાટી કમ મંત્રી શ્રી થડગામ જુથ ગ્રામ પંચાયત, તા. ક્વાંટ, જી. છોટાઉદેપુર.

બાબતઃ જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.

આથી જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારના દાદા નામે રાઠવા ટેટીયાભાઇ જાદુભાઇનું મરણ તારીખ ૨૦/૧૨/૧૯૮૮ના રોજ થયેલ છે, જેનો મરણ મોજે ગડૈથા, તા. ક્વાંટ, જી. છોટાઉદેપુર ખાતે થયેલ, જેની નોંધણી જે તે સમયે શરતચૂકથી તથા કાયદાની અજ્ઞાનતાના કારણે કરાવવાની રહી ગયેલ છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે તો સદર મરણની નોંધણી કરવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઇસમને વાંધો કે તકરાર હોય તો કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી તા. ૦૬/૧૧/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૦૮/૧૦/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર (પી.આર.રાઠવા) આસિસ્ટંટ | કોર્ટનો સિક્કો | મુકાબલ કરનાર હુકમથી (એચ. સી. રાઠવા) રજિસ્ટ્રાર કમ નાજરશ્રી, સિવિલ કોર્ટ, ક્વાંટ.